ડ્રાઇવરે સમયસૂચકતા વાપરી કારમાંથી બહાર નીકળતાં આબાદ બચાવ

સુશેન સર્કલ પાસે ટ્રાફિક વચ્ચે કાર ભડભડ સળગી, ડ્રાઈવરનો આબાદ બચાવ

આગની લપેટમાં આખી કાર બળીને ખાખ, ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવી આગ બુઝાવી



(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરાના સુશેન સર્કલ પાસે આગની ઘટનાથી ભારે ચકચાર મચી ગઈ હતી. ચાલુ ટ્રાફિક વચ્ચે એક કારમાં અચાનક આગ લાગતાં સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને કારમાંથી આગની ઊંચી જ્વાળાઓ તથા કાળા ધુમાડાના ગોટેગોટા ઉઠવા લાગ્યા હતા.

આગની જ્વાળાઓ જોતાં આસપાસના અન્ય વાહન ચાલકોમાં પણ ફફડાટ ફેલાઈ ગયો હતો. લોકોએ ગભરાઈને પોતાના વાહનો દૂર ખસેડી લીધા હતા. સુશેન સર્કલ પાસેનો માર્ગ થોડા સમય માટે ટ્રાફિકથી જામ થઈ ગયો હતો અને લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. જોકે, આ ઘટનામાં સૌથી મોટી રાહતની વાત એ રહી કે ડ્રાઇવરે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક કારમાંથી બહાર નીકળી જતાં તેનો આબાદ બચાવ થયો હતો. કારમાંથી બહાર નીકળતાની સાથે જ આગે આખી કારને પોતાની લપેટમાં લઈ લીધી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ કાર સંપૂર્ણ રીતે બળીને ખાખ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવીને થોડી જ વારમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. સાથે જ ટ્રાફિક પોલીસે પણ સ્થળ પર પહોંચીને ટ્રાફિકને નિયંત્રિત કર્યો હતો. કારમાં આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ અકબંધ છે. પ્રાથમિક અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જય વસાવડા અને નેહલબેન ગઢવી 'મોજમાં રહેવું' વિષય પર સંવાદ કરશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

નૂતન વર્ષના પાવન અવસરે ડૉ. આર.બી. ભેસાણિયા તથા ખોડલધામ પરિવાર દ્વારા આજે રાત્રે 8 કલાકે ગોરવા સ્થિત શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમનો વિષય 'મોજમાં રહેવું, મોજમાં રહેવું' રાખવામાં આવ્યો છે. ડિજિટલ યુગની ભાગદોડ, માનસિક તણાવ અને અનેક પડકારો વચ્ચે હકારાત્મક અભિગમ અપનાવી જીવનમાં આનંદિત કેવી રીતે રહેવું તે અંગે સંવાદ યોજાશે.

આ પ્રસંગે જાણીતા ચિંતક અને લેખક જય વસાવડા તથા દિવ્યાંગ બાળકોનાં શિક્ષિકા નેહલબેન ગઢવી જીવનમાં આનંદ, સંતોષ અને હકારાત્મકતાનું મહત્ત્વ સમજાવશે. કાર્યક્રમમાં સાંસદ ડૉ. હેમાંગ જોષી, સરદારધામના પ્રમુખ ડૉ. દુષ્યંત પટેલ, એલ એન્ડ ટીના પરિતોષ નાયક તથા ડૉ. ભીખુભાઈ પટેલ વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

નોટિસ છતાં ખુલાસો નહીં, દાનની પારદર્શિતા અને નિષ્પક્ષ તપાસની માંગ

પ્રતિષ્ઠિત 'શ્રી ભાગવતાચાર્ય નારાયણાચાર્ય ટ્રસ્ટ'ની જમીન પચાવી પાડવાનું ષડયંત્ર, લેન્ડ ગ્રેબિંગ હેઠળ અરજી



(પ્રતિનિધિ) વડોદરા તા.21

ગુજરાતની અત્યંત પ્રતિષ્ઠિત શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થા 'શ્રી ભાગવતાચાર્ય નારાયણાચાર્ય ટ્રસ્ટ'ની કરોડો રૂપિયાની અમૂલ્ય જમીનો અને મિલકતોને નુકસાન પહોંચાડવાનું તથા પચાવી પાડવાનું મોટું ષડયંત્ર રચવામાં આવ્યું હોવાનો ચોંકાવનારો ખુલાસો ટ્રસ્ટના અધિકૃત પ્રતિનિધિઓ અને ભક્ત સમુદાય દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાં કરવામાં આવ્યો છે. આ મામલે જવાબદાર વ્યક્તિઓ સામે ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ સહિતના કાયદાઓ હેઠળ કડક કાર્યવાહીની માંગ સાથે વડોદરા પોલીસ સમક્ષ ઔપચારિક અરજી નોંધાવવામાં આવી છે.

પત્રકાર પરિષદમાં સંસ્થાના ભાવિક સોનીએ ગૌરવવંતા ઈતિહાસ વિશે માહિતી આપતા જણાવાયું હતું કે, આ ટ્રસ્ટ હેઠળ રાજ્યમાં આશરે ૩૨ જેટલા દેવસ્થાનો, સંસ્કૃત પાઠશાળા અને અનેક સેવાકીય પ્રવૃત્તિઓ સુચારુ રૂપે ચાલી રહી છે. ગૌરવની વાત એ છે કે, ટ્રસ્ટ સંચાલિત વડનગર સ્થિત 'શ્રી ભાગવતાચાર્ય નારાયણાચાર્ય હાઈસ્કૂલ'માં દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું પ્રારંભિક શૈક્ષણિક ઘડતર થયું હતું, જ્યારે ચાણોદની બી.એન. હાઈસ્કૂલ પાઠશાળામાં પણ હજારો વિદ્યાર્થીઓએ શિક્ષણ અને સંસ્કાર મેળવ્યા છે. આવી ઐતિહાસિક અને પ્રતિષ્ઠિત સંસ્થાની અમૂલ્ય સંપત્તિને હડપ કરવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનો ગંભીર આક્ષેપ કરાયો છે.

ટ્રસ્ટના પ્રતિનિધિઓએ આ સમગ્ર પ્રકરણના કેન્દ્રમાં રહેલા બે વ્યક્તિઓ દિનેશભાઈ શાંતુભાઈ પટેલ અને ઠાકોરભાઈ પ્રાગજીભાઈ પટેલ (ચાંદોદ) સામે ગંભીર આક્ષેપો કર્યા છે. આક્ષેપ મુજબ, પૂજ્ય ગુરુજી શ્રી અનિરુદ્ધાચાર્યજી મહારાજે ઠાકોરભાઈ પ્રાગજીભાઈ પટેલને ટ્રસ્ટની જમીનોની માત્ર દેખરેખ રાખવાની જવાબદારી સોંપી હતી. પરંતુ, આ વિશ્વાસ અને જવાબદારીનો કથિત દુરુપયોગ કરીને ટ્રસ્ટની જમીનો પર ગેરકાયદે કબજો જમાવવો, જમીનના રેકોર્ડમાં પોતાના અને મળતિયાઓના નામ દાખલ કરાવવા તેમજ ટ્રસ્ટની મંજૂરી વિના જમીન પર વિશાળ બાંધકામ શરૂ કરી દેવા જેવી ગેરરીતિઓ આચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત, ટ્રસ્ટના નામે ભક્તો પાસેથી આશરે ૪ થી ૫ કરોડનું દાન એકત્ર કરવામાં આવ્યું હોવાનું જણાવી, તેનો અધિકૃત હિસાબ અને ઉપયોગ જાહેર કરવાની માંગ કરાઈ છે.

વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ બ્લડ બેંકનો પ્રેરણાદાયી કિસ્સો

બ્લડ બેંકના એક સંદેશ પર તબીબે સ્વૈચ્છિક રક્તદાન કરી ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું



(પ્રતિનિધિ) વડોદરા તા.21

રક્તદાન એ જ મહાદાન - આ ઉક્તિને ખરા અર્થમાં સાર્થક કરતો એક પ્રેરણાદાયી કિસ્સો વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે જોવા મળ્યો છે. હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા દર્દીઓની સારવાર માટે લોહીની જરૂરિયાતને પહોંચી વળવા કરાયેલી એક નમ્ર અપીલને પગલે, એક તબીબે સ્વયંભૂ બ્લડ બેંક ખાતે પહોંચીને રક્તદાન કર્યું હતું અને સમાજ સમક્ષ માનવતાનું એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સયાજી હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા તમામ નાગરિકો, શૈક્ષણિક સંસ્થાઓના સ્ટાફ અને વિદ્યાર્થીઓને રક્તદાન કરવા તેમજ અન્ય લોકોને પણ આ સેવાયજ્ઞમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા અપીલ કરવામાં આવી હતી. આ સંદેશ વાંચતાની સાથે જ તબીબે કોઈ પણ વિલંબ કર્યા વિના બ્લડ બેંકની મુલાકાત લીધી હતી અને સ્વૈચ્છિક રક્તદાન કરીને પોતાની સામાજિક અને નૈતિક ફરજ નિભાવી હતી.

આ પ્રસંગે હોસ્પિટલ તંત્ર અને તબીબી આલમ દ્વારા આ ઉમદા કાર્યની સરાહના કરવામાં આવી હતી. સયાજી હોસ્પિટલમાં માત્ર બહારના દાતાઓ જ નહીં, પરંતુ હોસ્પિટલના પોતાના અનેક સિનિયર ડોક્ટરો અને રેસિડેન્ટ તબીબો પણ નિયમિતપણે આવી જ રીતે સ્વૈચ્છિક રક્તદાન કરતા રહે છે. ઇમરજન્સી કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓને સમયસર લોહી મળી રહે અને તેમનો અમૂલ્ય જીવ બચાવી શકાય તેવા શુભ આશયથી તબીબો હંમેશા અગ્રેસર રહે છે.

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની ઉપસ્થિતિમાં ATF-SSGનું સંયુક્ત આયોજન

નશા મુક્તિ માટે પોલીસ-આરોગ્ય તંત્રનો સંયુક્ત એક્શન પ્લાન, સયાજી હોસ્પિટલ ખાતે મહત્ત્વપૂર્ણ બેઠક



(પ્રતિનિધિ) વડોદરા તા.21

યુવાધનને બરબાદ કરી રહેલા ડ્રગ્સ અને નશીલા પદાર્થોના વધતા જતા દૂષણને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે વડોદરા શહેર પોલીસ અને આરોગ્ય વિભાગે હવે એકમંચ પર આવીને સંયુક્ત કવાયત હાથ ધરી છે. આ અભિયાનના ભાગરૂપે શહેરની સૌથી મોટી સરકારી સયાજી હોસ્પિટલ ખાતે 'ડ્રગ્સ ડી-એડિક્શન સ્ટ્રેટેજી' વિષય પર એક વિશેષ બેઠક અને જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમનું સંયુક્ત આયોજન એન્ટી ટેરરિસ્ટ ફ્રન્ટ અને સયાજી હોસ્પિટલના મનોચિકિત્સા વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. બેઠકમાં પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ હોસ્પિટલના નિષ્ણાત તબીબો અને મનોચિકિત્સકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરના યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા અને જે યુવાનો કે નાગરિકો અજાણતા કે સંગતના કારણે વ્યસનના બંધાણી બની ગયા છે, તેમને યોગ્ય માર્ગદર્શન આપી ફરીથી સામાન્ય અને સ્વસ્થ જીવનમાં પરત લાવવાનો હતો. આ અંગે બંને વિભાગો વચ્ચે ઊંડાણપૂર્વક વિચાર-વિમર્શ અને મંથન કરવામાં આવ્યું હતું.

બેઠક દરમિયાન એ બાબત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો કે નશાના કારોબારને રોકવા માટે માત્ર કાયદાકીય કાર્યવાહી પૂરતી નથી, પરંતુ તેનું સામાજિક અને તબીબી પાસું પણ એટલું જ મહત્ત્વનું છે. આથી, એક તરફ શહેરમાં ડ્રગ્સ ઘુસાડતા અને તેનું વેચાણ કરતા નેટવર્ક તથા પેડલરો સામે પોલીસ દ્વારા અત્યંત કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે, તો બીજી તરફ વ્યસનનો ભોગ બનેલા લોકોને ગુનેગાર તરીકે જોવાને બદલે એક દર્દી તરીકે જોઈને સયાજી હોસ્પિટલના મનોચિકિત્સા વિભાગ મારફતે યોગ્ય તબીબી સારવાર.

ચાર દિવસ મૌન, ધ્યાન અને શ્રીકૃષ્ણના દિવ્ય આનંદની અનુભૂતિ!

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

આધુનિક જીવનની ભાગદોડ, માનસિક તણાવ અને ડિજિટલ વ્યસ્તતામાંથી મુક્તિ અપાવી આંતરિક શાંતિ તથા શ્રીકૃષ્ણના દિવ્ય આનંદની અનુભૂતિ કરાવવાના હેતુથી વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન (VYO) દ્વારા ચાર દિવસીય 'ધ લાઈફ બ્લિસ - સ્પિરિચ્યુઅલ વેલનેસ રિટ્રીટ 2026'નું આયોજન કરવામાં આવ્યું છે. વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના સાનિધ્યમાં 27થી 30 નવેમ્બર દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક એકતાનગરના સોલ બે રિસોર્ટ ખાતે શિબિર યોજાશે. રિટ્રીટ દરમિયાન સાધકો ચાર દિવસ સંપૂર્ણ મૌનનું પાલન કરી મોબાઇલ ફોનથી દૂર રહી આત્મચિંતન કરશે. આ ઉપરાંત સાત ચક્રો આધારિત 'કૃષ્ણસ્વરૂપ ચક્ર બેલેન્સિંગ મેડિટેશન', ધ્યાન, શ્રીકૃષ્ણ સંકીર્તન, આધ્યાત્મિક પ્રવચન, સાઉન્ડ થેરાપી, યોગ અને પ્રાણાયામનાં સત્રો યોજાશે. ભક્તિ અને સમર્પણ દ્વારા આંતરિક પ્રસન્નતા તથા આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરાવવાનો આ પ્રયાસ છે.

ગોત્રી હોસ્પિટલમાં આંખના પડદાનું ઓપરેશન હવે વધુ સરળ અને સુલભ



નવા સાધનો કાર્યરત થતાં જરૂરિયાતમંદ દર્દીઓને આર્થિક રાહત અને સમયસર સારવારનો લાભ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

શહેરની ગોત્રી GMERS હોસ્પિટલ ખાતે આંખના પડદાના જટિલ અને નાજુક ઓપરેશન હવે અદ્યતન મશીનરી ઉપલબ્ધ થતાં વધુ સરળ અને સુલભ બન્યા છે. CSR અને સરકારના સહયોગથી હોસ્પિટલમાં નવા આધુનિક સાધનો કાર્યરત થતાં જરૂરિયાતમંદ દર્દીઓને મોટી આર્થિક અને તબીબી રાહત મળી છે.

ખાનગી હોસ્પિટલોમાં આંખના પડદાની સર્જરી અને સંબંધિત સાધનોનો ખર્ચ અત્યંત ઊંચો હોય છે, જે સામાન્ય રીતે લઘુત્તમ ૩૫,૦૦૦ થી ૪૦,૦૦૦ સુધી પહોંચી શકે છે. તેની સામે ગોત્રી હોસ્પિટલમાં આયુષ્માન કાર્ડ / મા કાર્ડ સહિતની સરકારી યોજનાઓ અને સુવિધાઓ હેઠળ દર્દીઓને રાહત દરે અથવા નિઃશુલ્ક સારવારનો લાભ મળી રહ્યો છે. છેલ્લા આશરે બે મહિનાથી નવી મશીનરી સાથે પડદાની સર્જરી શરૂ કરવામાં આવી છે અને અત્યાર સુધીમાં આશરે ૧૫ થી ૨૫ જેટલા સફળ ઓપરેશન પૂર્ણ કરવામાં આવ્યા છે.

ડૉ. આદિત્ય સુદાલકરના જણાવ્યા અનુસાર, આંખના પડદાનું ઓપરેશન ન્યુરોસર્જરી જેટલું જ નાજુક અને જટિલ હોય છે, જેમાં લાંબા અભ્યાસ અને ફેલોશિપ બાદ વિશેષ કૌશલ્ય કેળવાય છે. સર્જરીનો સમયગાળો સામાન્ય રીતે અડધા કલાકથી લઈને ૨-૩ કલાક સુધીનો હોઈ શકે છે.

ગોત્રી જીએમઈઆરએસમાં એન્ટિબાયોટિકના યોગ્ય ઉપયોગ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરાની ગોત્રી જીએમઈઆરએસ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ ખાતે માઇક્રોબાયોલોજી વિભાગના ઉપક્રમે 'એન્ટિબાયોટિક અવેરનેસ વીક' અંતર્ગત વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૮ થી ૨૪ નવેમ્બર દરમિયાન ચાલી રહેલા આ અભિયાન હેઠળ હોસ્પિટલમાં આવતા દર્દીઓ તેમજ સામાન્ય નાગરિકોને એન્ટિબાયોટિક દવાઓના યોગ્ય ઉપયોગ અને તેના ગેરફાયદા અંગે માહિતગાર કરવામાં આવી રહ્યા છે.

કાર્યક્રમ દરમિયાન મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા અસરકારક નાટક તેમજ પોસ્ટર પ્રદર્શન યોજવામાં આવ્યા હતા. આ પ્રસ્તુતિઓ દ્વારા દર્દીઓ અને મુલાકાતીઓને એન્ટિબાયોટિક દવાઓ કઈ રીતે ઉપયોગી છે અને ક્યારે તે નુકસાનકારક સાબિત થઈ શકે છે, તે સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોલેજ બિલ્ડીંગમાં વિદ્યાર્થીઓએ બનાવેલા પોસ્ટરોનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું છે, જેના માધ્યમથી એન્ટિબાયોટિક રેઝિસ્ટન્સ અંગે સ્પષ્ટ માહિતી આપવામાં આવી છે.

આ કાર્યક્રમમાં મેડિકલ કોલેજના ડીન ડો. વિશાલા પંડ્યા, માઇક્રોબાયોલોજી વિભાગના વડા ડો. નિકેશ કામો સહિત પ્રોફેસરો, તબીબો અને મોટી સંખ્યામાં મેડિકલના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સપ્તાહ દરમિયાન વિદ્યાર્થીઓમાં શરૂઆતથી જ એન્ટિબાયોટિક રેઝિસ્ટન્સ અંગે સમજ કેળવાય તે હેતુથી વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેથી ભાવિ તબીબો પોતાની પ્રેક્ટિસમાં એન્ટિબાયોટિકનો યોગ્ય અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરી શકે.

આઈ.ટી.આઈ તરસાલી ખાતે કૌશલ્ય દિક્ષાન્ત સમારોહ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

આઈ.ટી.આઈ તરસાલી ખાતે આજરોજ MSDE દિલ્હીની ગાઈડલાઈન્સ મુજબ વિવિધ ટ્રેડમાં વર્ષ ૨૦૨૬માં પાસ આઉટ થયેલ તાલીમાર્થીઓ માટે 'કૌશલ્ય દિક્ષાન્ત સમારોહ'નું આયોજન કરવામાં આવેલ હતું. આ સમારોહમાં ૨૨૩૭ પાસ આઉટ તાલીમાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ૪૦ ટ્રેડનાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલ કુલ ૧૨૦ પાસ આઉટ તાલીમાર્થીઓને મહાનુભાવોના હસ્તે મેડલ તથા નેશનલ ટ્રેડ સર્ટીફીકેટ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમારોહના મુખ્ય અતિથિ ઈન્ડસ્ટ્રી ક્લસ્ટર VCCIના પ્રમુખ શ્રી હિમાંશુ પટેલ, સંસ્થાનાં આચાર્યશ્રી એ.આર. શાસ્ત્રી, આચાર્યશ્રી વાય.વી.પટેલ, સંસ્થાનો સ્ટાફ અને અનેક ઈન્ડસ્ટ્રી પ્રતિનિધિઓ તથા તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરામાં હેરીટેજ વીક અંતર્ગત જૈન હેરીટેજ વોક યોજાઈ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વિશ્વ હેરીટેજ વીકની ઉજવણીના ભાગરૂપે તેમજ આગામી તારીખ ૨૭ થી ૨૯ દરમિયાન નવલખી મેદાન ખાતે યોજાનારા ભવ્ય ધાર્મિક-સાંસ્કૃતિક મહોત્સવ 'ઋષભાયન ૩.૦'ના જાગૃતિ અભિયાન અંતર્ગત આજે શહેરમાં લ બ્રિ વિક્રમ જન સેવા ટ્રસ્ટ દ્વારા વિશેષ જૈન હેરીટેજ વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હેરીટેજ વોકનો મુખ્ય ઉદ્દેશ્ય વડોદરાના સમૃદ્ધ જૈન સ્થાપત્ય અને ઐતિહાસિક વારસા પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો હતો. જૈન મુનિરાજ પૂજ્ય તીર્થયશ વિજયજી મહારાજની પાવન નિશ્રામાં આ હેરીટેજ વો કનો પ્રારંભ શહેરના કાલાઘોડા-ફતેગંજ રોડ ખાતેથી ઉત્સાહભેર થયો હતો. મોટી સંખ્યામાં જોડાયેલા શ્રાવક-શ્રાવિકાઓ અને ઈતિહાસપ્રેમીઓ સાથે આ વોક કમાટીબાગ સ્થિત ઐતિહાસિક બરોડા મ્યુઝિયમ ખાતે પહોંચીને સંપન્ન થઈ હતી. બરોડા મ્યુઝિયમ ખાતે આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા ના સર્કલ સુપરિન્ટેન્ડેન્ટ સુબા સાહેબ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉપસ્થિત સૌને વર્ષ ૧૯૫૧માં વ ડો દરાના અકોટા વિસ્તારમાંથી ઉ ત્ખ ન ન દરમિયાન મળી આવેલી ધ્રુ કી અને ૭મી સદીની અત્યંત દુર્લભ અને પ્રાચીન જૈન ધાતુ પ્રતિમાઓના ભવ્ય ઈતિહાસ વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. ત્યારબાદ તમામ સહભાગીઓએ મ્યુઝિયમની પ્રખ્યાત અકોટા બ્રોન્ઝ ગેલેરીની મુલાકાત લીધી હતી. અહીં સચવાયેલી પ્રાચીન જિન પ્રતિમાઓ અને ઐતિહાસિક હસ્તપ્રતોને પ્રત્યક્ષ નિહાળીને ભારતીય શિલ્પશાસ્ત્રની બારીકાઈઓ અને તેના ઐતિહાસિક મહત્વ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમની માહિતી આપતા જૈન અગ્રણી દીપક શાહે જણાવ્યું હતું કે, આ હેરીટેજ વોક દ્વારા નવી પેઢીને આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાની ઝાંખી કરાવવાનો પ્રયાસ કરાયો છે. કાર્યક્રમના અંતે પૂજ્ય ગુરુદેવ તીર્થયશ વિજયજી મહારાજે ઉપસ્થિત સૌને માંગલિક શ્રવણ કરાવી આશીર્વાદ પાઠવ્યા હતા.

SIRની મુસદ્દા મતદાર યાદીમાં નામ ન હોય તો ફોર્મ-૬ ભરી શકાશે



(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીની ખાસ સઘન સુધારણા (SIR) પ્રક્રિયા દરમિયાન મુસદ્દા મતદાર યાદીમાં નામ સામેલ ન થયેલા મતદારો માટે મહત્વની સ્પષ્ટતા કરવામાં આવી છે. આવા મતદારો હવે ફોર્મ-૬ ભરીને આખરી મતદાર યાદીમાં પોતાનું નામ સામેલ કરાવી શકશે. અગાઉ મતદાર તરીકે નોંધાયેલા હોવા છતાં નવેસરથી ફોર્મ-૬ ભરવાથી ખોટી ઘોષણા ગણાશે કે કેમ તે અંગે મતદારોમાં પ્રવર્તતી મૂંઝવણ દૂર કરવા ચૂંટણી પંચે આ પહેલ કરી છે.

SIR બાદ કેટલાક મતદારોને એવી આશંકા હતી કે ફોર્મ-૬માં અરજદારનું નામ પ્રથમ વખત મતદાર યાદીમાં ઉમેરવામાં આવી રહ્યું હોવાની ઘોષણા કરવી પડે છે. અગાઉથી મતદાર તરીકે નોંધાયેલા હોવા છતાં આવી ઘોષણા કરવાથી લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1950ની કલમ-31 હેઠળ કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે. જોકે, ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે મુસદ્દા મતદાર યાદીમાં નામ ન હોય તેવા મતદારો અગાઉ નોંધાયેલા હતા કે નહીં તેની પરવા કર્યા વિના નિયત પ્રક્રિયા મુજબ ફોર્મ-૬ રજૂ કરી શકે છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ફોર્મ-૬ હેઠળની ઘોષણા 1 ઓગસ્ટ, 2022થી અમલમાં છે અને તેનો હેતુ વર્તમાન મતદાર યાદીમાં નામ સામેલ કરવાનો છે. દિલ્હી હાઈકોર્ટે પણ નીલોત્પલ દત્તા અને અન્ય વિરુદ્ધ ભારતના ચૂંટણી પંચના કેસમાં 14 ઓક્ટોબર, 2026ના ચુકાદામાં આ અંગે અરજદારોની આશંકા અસ્થાને હોવાનું સ્પષ્ટ કર્યું છે.

આથી અગાઉ મતદાર તરીકે નોંધાયેલા હોવાના એકમાત્ર કારણસર ફોર્મ-૬ ભરનાર સામે કલમ-31 હેઠળ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં. જોકે, અરજદાર અન્ય કોઈ સંસદીય કે વિધાનસભા મતવિસ્તારમાં નોંધાયેલા ન હોવા જોઈએ અને રજૂ કરેલી વિગતો સાચી હોવી જરૂરી છે.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
"જાહેર સૂચના"

વડોદરા શહેર વિસ્તારમાં માંસ – મચ્છી– ચિકનનો વેપાર કરતા તમામ ધંધાદારી ઈસમોને જણાવવામાં આવે છે કે, આગામી તા.૨૫/૧૧/૨૦૨૬ને બુધવારના રોજ "સાધુ વાસવાણી જન્મ જયંતી" ના દિવસે " મીટ લેસ ડે " ઉજવણી નિમિતે વડોદરા મહાનગરપાલિકા સંચાલિત કતલખાનું બંધ રહેશે. તેમજ સદર દિવસે સંબંધકર્તા તમામ વેપારીઓને તેઓનો વ્યવસાય બંધ રાખવા જણાવવામાં આવે છે.

મુખ્ય આરોગ્ય અધિકારી
પી.આર.ઓ.નં.૬૧૭/૨૦૨૬-૨૭ વડોદરા મહાનગરપાલિકા

ઓન લાઈન ટેન્ડરીંગ
જાહેર નિવિદા નં.૧૭, સને.૨૦૨૬-૨૭

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા×મ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં,મહીસાગર-લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દ્વારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી રસ્તા અને મકાનના કામોના કુલ રૂા.૧૨૪૯.૦૯ લાખના કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે.ટેન્ડરના દસ્તાવેજો https://tender.nprocure.com વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડીથી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફ્ટ / એફ.ડી.આર કાર્યપાલક ઈજનેરશ્રી,મહિસાગરને રજુ કરવાના રહેશે.

ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

ઓન લાઈન સબમીશનની તારીખ.	તા.૨૩/૧૧/૨૦૨૬ થી તા.૦૨/૧૨/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન)	તા.૦૩/૧૨/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક

(માહિતી/ગોધરા/૬૪૭/૨૬)

લુણાવાડા નગર સેવા સદન
ઇ-નિવિદા નં-૩૭૭ સને-૨૦૨૬-૨૭

ચીફ ઓફિસરશ્રી, નગર સેવા સદન, લુણાવાડા ૩૮૯૩૦,ફોન નં ૦૨૬૭૪ ૨૫૦૦૬ દ્વારા નીચે મુજબના કામો માટે ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે.

અ.નં.	કામનું નામ	રકમ રૂા.
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના-"આઇકોનિક રસ્તા" સને.૨૦૨૫-૨૬ની ગ્રાન્ટમાંથી લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં વરધરી રોડ ઉપર કલેકટર કચેરી રોડથી દરકોલી તળાવ વેરી બ્રીજ સુધી આઇકોનિક રસ્તો બનાવાનું કામ.	૪,૯૯,૮૪,૯૨૦/-

(૧) એજન્સીની પાત્રતા- ઠેકેદારશ્રીઓનું રજીસ્ટ્રેશન યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ હોવું જોઈએ તથા ટેન્ડર ડોકયુમેન્ટમાં રાખેલ જોગવાઇ મુજબ (૨) ઓનલાઇન ટેન્ડર ટેકનીકલ બીડ ભરવાની છેલ્લી તારીખ-૧૦/૧૨/૨૦૨૬ (૧૮.૦૦ કલાક સુધી) (૩) ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ટેન્ડરમાં દર્શાવેલ દસ્તાવેજો રજુ કરવાની તારીખ-૧૦/૧૨/૨૦૨૬ થી તારીખ-૧૯/૧૨/૨૦૨૬ સુધી રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલવાની રહેશે. (૪) બાનાની રકમ માટે બાના મુકિત પ્રમાણપત્ર સ્વિકારવામાં આવશે નહી.વધુ વિગતોhttp://nprocure.comવેબસાઇટ પરથી મેળવી શકાશે.ઓનલાઇન ટેન્ડરમાં તેમજ જાહેરાતમાં જણાવેલ દસ્તાવેજો ઓનલાઇન ટેકનીકલ બીડમાં મુકવાના રહેશે તેમજ તે તમામ દસ્તાવેજો ફીઝીકલ બીડ સાથે રજીસ્ટર પોસ્ટ એડીથી સમયમર્યાદામાં મોકલવાના રહેશે અને ઓનલાઇન સ્કેન કરી મુકેલ દસ્તાવેજો જ માન્ય ગણાશે અને તે મુજબના દસ્તાવેજો ફીઝીકલ બીડમાં મુકેલ હશે તે જ માન્ય રહેશે.ટેન્ડરને મંજુર કે ના મંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાદીત રાખેલ છે.

(જીગ્નેશકુમાર બી.પંડ